**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૫.૨ ડીગ્રી
લઘુતમ : ૧૩.૫ ડીગ્રી
ભેજ
સવારે ૬૮ ટકા ● સાંજે ૨૯ ટકા

# શહેરમાં ગરમીને પગલે તડબૂચ ખડકાયા

ગાંધીનગર, તા.૨૩

શહેરમાં હવે વસંતઋતુના આગમન સાથે જ ઉનાળાનો અહેસાસ થવા લાગ્યો છે ત્યારે સિઝનેબલ ફ્રુટસ પણ ચેન્જ થયા છે. શિયાળામાં આવતા ફળો સાથે હવે ઉનાળામાં ઠંડક આપતા ફળ શહેરમાં આવી ગયા છે. જેમાં ખાસ તડબૂચ શહેરમાં વેચાઈ રહ્યા છે. તડબૂચમાં ૯૦ ટકા પાણી હોય છે જે ખાસ કરીને ઉનાળામાં બોડીને હાઈડ્રેટ કરે છે. આ કારણોસર શહેરીજનો તડબૂચ ખાવાનો આગ્રહ રાખે છે.



તડબૂચમાં લાયકોપીન નામનો સ્ત્રોત છે જે શરીરની બળતરા ઘટાડવામાં મદદ કરે છે. તડબૂચની સ્લાઈસ કે જયૂસ ગરમીને કારણે શરીરના ઈમબેલેન્સ થતા ઈલેકટ્રોલાઈટને બેલેન્સ કરવામાં મદદ કરે છે. તડબૂચમાં એમિનો એસિડ સટાયુબીન હોય છે જે સ્નાયુને દુખવાથી રાહત આપવામાં મદદ કરે છે. તડબૂચમાં પાણીનું પ્રમાણ વધુ હોવાથી ઓછી કેલરીમાં પણ તૃપ્ત કરી મેટાબોલિઝમની ઝડપમાં વધારો કરે છે જેથી ડાયટ કરતા શહેરીજનો દ્વારા તડબૂચનું સેવન વજન ઘટાડવા માટે કરતા હોય છે.

હીટસ્ટ્રોક થતો અટકાવવામાં શેરડીના રસની જેમ તડબૂચ પણ ગરમી દૂર કરી તરસ મટાડે છે. શહેરમાં તડબૂચની ડીશ સાથે રસ પણ મળતા થઈ ગયા છે. શહેરમાં તડબૂચનો ભાવ ૨૦ થી ૪૦ રૂપિયે કિલો છે. શહેરના નાના-મોટા તમામ હાલ તડબૂચની ખરીદી કરીને તડબૂચ આરોગવાની મજા માણી રહ્યા છે.

# સચિવાલયના અધિકારીઓ અને કર્મચારીઓને પૌષ્ટિક અને સ્વાદિષ્ટ આહાર મળી રહેશે

## નવા સચિવાલયના બ્લોક નંબર-૬ના ત્રીજા માળે અમુલ પાર્લરનો પ્રારંભ

ગાંધીનગર, તા.૨૩

સચિવાલયના કર્મચારીઓ અને અધિકારીઓને હવે વધુ પૌષ્ટિક અને સ્વાદિષ્ટ આહાર મળી રહેશે. સચિવાલય સંકુલના બ્લોક નંબર-૬ ના ત્રીજા માળે અમુલ કંપની લિમિટેડને કેન્ટીન માટે જગ્યા ફાળવવામાં આવતા અમુલ કંપનીએ આજથી કેન્ટીનની શરૂઆત કરી છે. મુખ્ય સચિવ અનિલ મુકીમે આજે આ અમુલ પાર્લરનું ઉદ્દ્ઘાટન કર્યું હતું.

અમુલ પાર્લરના ઉદ્દ્ઘાટન પ્રસંગે અધિક મુખ્ય સચિવ કમલ દયાની અને માર્ગ-મકાન



વિભાગના સચિવ એસ.બી. વસાવા તથા અમુલ કંપની લિમિટેડના જનરલ મેનેજર, રીજીયોનલ મેનેજર તથા બ્રાન્ચ મેનેજર સહિત સચિવાલયના વરિષ્ઠ અધિકારીઓ અને કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

સચિવાલયના બ્લોક નંબર-૬ ના ત્રીજા માળે આવેલી આ અમુલ કેન્ટીનમાં અમુલની બધી જ બનાવટો, પિત્ઝા, સમોસા, ફ્રેન્ચ ફ્રાઈઝ અને વૈવિધ્યસભર ગુજરાતી નાસ્તો પણ ઉપલબ્ધ કરાવવામાં આવશે.

# શહેરનો યુવાન રિસર્ચ આર્ટિકલ સ્પર્ધામાં ઝળકયો

ગાંધીનગર, તા.૨૩

ગાંધીનગરના યુવા અને રિસર્ચ સ્કોલર પાર્થ પટેલનો રિસર્ચ આર્ટિકલ દેશની વિવિધ યુનિવર્સિટીઓના ટોપટેન રિસર્ચ આર્ટીકલમાં પસંદગી પામ્યો છે. મહાત્મા ગાંધી આંતરરાષ્ટ્રીય હિંદી વિશ્વ વિદ્યાલય વર્ધા દ્વારા હાલમાં જ કેન્દ્ર સરકારની એક ભારત શ્રેષ્ઠ ભારત થીમ ઉપર



રિસર્ચ આર્ટીકલ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં શહેરના યુવાન પાર્થ દ્વારા મહાત્મા ગાંધી : અ કમ્યુનિકેટર ફોર નેશનલ વેલ્યુઝ વિષય ઉપર પોતાનો આર્ટીકલ તૈયાર કર્યો હતો. જે ટોપ ટેન રિસર્ચ આર્ટીકલમાં પસંદગી પામ્યો છે. જે સંદર્ભે તેમને રોકડ પુરસ્કાર અને પ્રમાણપત્ર એનાયત થશે. આ ઉપરાંત તેમના દ્વારા લિખિત આર્ટીકલને પુસ્તકમાં પ્રકાશિત કરવામાં આવશે.

# સુરતમેં 'આપ'કા સ્વાગત હૈ..!!



રાજ્યમાં પહેલીવાર મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણીઓમાં પહેલી જ વાર ઝંપલાવનાર આમ આદમી પાર્ટીએ જે મક્કમતા અને મજબૂતાઈથી જે શરૂઆત કરી છે તેને પગલે સમગ્ર પાર્ટીમાં ઉત્સાહની લહેર પ્રસરી વળી છે. ગાંધીનગર આપની ટીમે ફટાકડા ફોડી મ્હોં મીઠું કરીને ઉજવણી કરી હતી. હવે આપની નજર ગાંધીનગર મહાનગરપાલિકામાં પ્રવેશ મેળવવા તરફ મંડાઈ છે.

# દિલ્હીના રીન્કુ શર્મા હત્યાકાંડના પડઘા ગાંધીનગરમાં

## યુવા કાર્યકરની હત્યાના વિરોધમાં મશાલ રેલી બજરંગ દળનું મશાલ સરઘસ



ગાંધીનગર, તા.૨૩

દેશભરમાં શ્રી રામ જન્મભૂમિ ખાતે ભવ્ય રામમંદિરના નિર્માણ માટે નિધિ એકત્રીકરણનું અભિયાન ચાલી રહ્યું છે. આ અભિયાન અંતર્ગત લાખો યુવાનો નિધિ એકત્રીકરણની સેવા આપી રહ્યાં છે પરંતુ તાજેતરમાં દિલ્હીમાં નિધિ એકત્રીકરણ કરી રહેલા રીન્કુ શર્મા નામના બજરંગ દળના કાર્યકર પર હુમલો કરી તેની નિર્મમ હત્યા કરવાની ઘટના સર્જાઈ છે. જેના પગલે હિન્દુ સંગઠનોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. આ ઘટનાને પગલે દેશભરમાં શ્રદ્ધાંજલિ યોજાઈ રહ્યાં છે જે અંતર્ગત ગાંધીનગરમાં બજરંગ દળના યુવાનોએ મશાલ સરઘસ કાઢીને વિરોધ પ્રગટ કર્યો હતો તેમજ રીન્કુ શર્માને શ્રદ્ધાંજલિ પાઠવી હતી. મશાલ સરઘસ દરમ્યાન કાર્યકરોએ 'જયશ્રી રામ'ના નારા સાથે સત્યાગ્રહ છાવણીથી પથિકાશ્રમ બસ ડેપો સુધી માર્ચ કરી હતી.




ગાંધીનગરના સેકટર-૨૩ ખાતેની ભોળાભાઈ પટેલ ઈન્સ્ટિટયુટ ઓફ બીસીએ ખાતે વિદ્યાર્થીઓમાં જોમ અને ઉત્સાહનું સિંચન કરતો કાર્યક્રમ 'આઈસ્ક્રીમ- આત્મવિશ્વાસ, ઈચ્છાશક્તિ, સકારાત્મકતા, ક્રિયાશીલતા, મહેનત' વિષય અંતર્ગત કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં શહેરના જાણીતા મોટીવેટર જે.સી. પટેલે તેમની આગવી છટામાં વિદ્યાર્થીઓને મંત્રમુગ્ધ કરી દેતું વકતવ્ય પ્રસ્તુત કર્યું હતું અને વિવિધ પધ્ધતિઓ દ્વારા યુવાનોમાં પ્રોત્સાહનનો સંચાર કર્યો હતો. અંતમાં તેઓએ વિદ્યાર્થીઓને મનની એકાગ્રતા કેળવાય અને મન શાંત થઈને નવા વિચારોને પામી શકે તે માટે કેટલીક યોગની ક્રિયાઓ પણ કરાવી હતી.

# વ્યાજખોરોના ત્રાસથી ભાટના યુવકે ઓલઆઉટનું લીકવીડ પી આપઘાતનો પ્રયાસ કર્યો

## કોરોનાને પગલે યુવક છેલ્લા એકાદ વર્ષથી પૈસા આપી શક્યો ન હતો

ગાંધીનગર, તા.૨૩

ગાંધીનગર-અમદાવાદ માર્ગ પર આવેલા ભાટ ગામના ૨૫ વર્ષિય યુવકે વ્યાજખોરનો ત્રાસથી ઘરમાં રહેલા ઓલઆઉટનું લીકવીડ પી ગયો હતો. યુવક ઓલઆઉટનું લીકવીડ પી જતા હોહા મચી જવા પામી હતી. લોકડાઉનને પગલે માતાની સારવાર માટે લીધેલા રૂપીયા સમયસર ચુકવી ન શકતા વ્યાજખોરોએ કડક ઉઘરાણી શરુ કરી હતી. જેમાં યુવકના પરિવારની ત્રણ વીઘા જમીન પર દાવો કરીને સમાધાન માટે પોણા ત્રણ કરોડ રૂપીયાની માંગ કરતા યુવકે દવા પી લેતા યુવકને અમદાવાદ સારવાર માટે લઈ જવાયો હતો. બનાવ અંગે અડાલજ પોલીસ મથકે ગુનો નોંધાતા આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ અમદાવાદમાં સારવાર હેઠળ રહેલા રવિ ચીનુભાઈ પટેલે (ઉં.૨૫ રહે, દેનાબેંક વાસ ભાટ) નોંધાવેલી ફરીયાદ મુજબ તે ભાટ ખાતે પોતાના માતા-પિતા અને પત્ની સાથે રહે છે. સ્કુલવર્ધી મારીને પરિવારનું જીવન નિર્વાહ કરે છે. ભાટ ગામની સીમમાં પોતાના બાપ દાદાની ત્રણ વીઘા જમીન આવેલી છે. જેમાં તેના કૌંટુબીક સભ્યો ખેતીકામ કરે છે. માતાની ફેફસાની બિમારી અને ઈકોમાં નુકશાનને પગલે યુવકે પોતાના પરિચિત અમિયાપુરના સતિષ મસરુભાઈ ભરવાડને વાત કરી હતી. તેઓએ ચાંદખેડાના ભરત ભુરાભાઈ ભરવાડ પાસેથી જુલાઈ ૨૦૧૯માં ૪.૫૦ લાખ ૧૦ ટકાના વ્યાજે અપાવ્યા હતા. જેની સામે ભરત ભરવાડે જમીન મુદ્દે નોટરી કરાવી હતી. થોડા સમય પછી યુવકે સતિષ ભરવાડ પાસેથી ૧૦ ટકાના વ્યાજે ૧ લાખ લીધા હતા. ત્યારબાદ યુવકે ઝુંલાડ સર્કલે બેસતા રાજુભાઈ રબારી પાસેથી ૩ લાખ રપીયા ૧૦ ટકાના વ્યાજે લીધા હતા. કોરોનાને પગલે યુવક છેલ્લા એકાદ વર્ષથી પૈસા આપી શક્યો ન હતો. જેથી હવે રાજુભાઈ રબારી યુવક પાસે રૂ.૨૫ લાખ માંગે છે. જયારે ભરતભાઈ ભરવાડ યુવકના પરિવારની જમીન મુદ્દે કોર્ટમાં દાવો કરી દીધો છે જેથી પગલે તા.૨૧ ફ્રેબુઆરીના રોજ યુવક તેના પિતા અને સંબંધીઓ તપોવન સર્કલ ખાતે ભુરા ભરવાડ અને સતિષ ભરવાડને મળવા માટે ગયા હતા. જેમાં ભુરાભાઈએ રૂ.૨.૫૦ કરોડ બાકી હોવાનું કહ્યું હતું. જયારે સતિષ ભરવાડે રૂ.૧૫ લાખની માંગ કરી હતી. ત્યારબાદ તેઓએ નોટરી વેચાણ બાનાખત ના આધારે દાવો કર્યો હોવાનું કહ્યું હતું. પૈસા નહી આપો તો જમીન લઈ લેવાની ધમકી આપી હતી. જેથી યુવક સહિતના પરિવારના સભ્યો ઘરે આવી ગયા હતા.ત્યારબાદ સાંજના સાત વાગ્યાના અરસામાં યુવક ઘરે એકલો હતો તે સમયે રૂપીયાના વિચારમાં ખોવાયેલા યુવકે ઓલઆઉટનું લિકવીડ પી ગયો હતો. લિકવીડ પી જતા યુવક અર્ધ બેભાન થઈ ગયો હતો. દરવાજો તોડીને યુવકને બહાર નીકાળીને ખાનગી દવાખાને સારવાર માટે યુવકને લઈ જવાયો હતો. જયારે બીજા દિવસે યુવકને ભાન આવતા અડાલજ પોસીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે તપાસ શરુ કરી છે.

# સમર્પણ સાયન્સ એન્ડ કોમર્સ કોલેજમાં ઓરિએન્ટેશન કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગરની સમર્પણ સાયન્સ એન્ડ કોમર્સ કોલેજ ખાતે ઓરિએન્ટેશન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં બીકોમ તથા બીએસસીના સેમેસ્ટર-૧ના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ કાર્યક્રમમાં સંસ્થાના ટ્રસ્ટી મહેન્દ્રસિંહ વાઘેલા તથા કેમ્પસ રજીસ્ટ્રાર ડો. એમ.ડી. પાંડે ઉપસ્થિત રહ્યાં હતાં. કોલેજના આચાર્ય ડો. રીતુ સકસેના દ્વારા વિદ્યાર્થીઓને ઉજ્જવળ કારકિર્દી માટે માર્ગદર્શન પુરું પાડવામાં આવ્યું હતું. કોલેજમાં ચાલતી વિવિધ પ્રવૃત્તિઓ અંગે પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન દ્વારા માહિતી આપવામાં આવી હતી. કાર્યક્રમમાં ઉપસ્થિત ભૂતપૂર્વ વિદ્યાર્થીઓએ તેમના સંસ્મરણો વાગોળ્યા હતા.

## જન્મદિને વધામણી



**નિમેષ રાવલ**
કારોબારી સભ્ય,
ગાંધીનગર કલ્ચરલ ફોરમ
પૂર્વ પ્રમુખ,
લાયન્સ કલબ ઓફ
ગાંધીનગર
મો. : ૯૮૭૯૫ ૨૮૭૦૨



**પુષ્પાબેન મહેતા**
જ્યોતિ મહિલા મંડળ



**જીતેન્દ્રકુમાર ગાંધી**
મો. ૯૮૨૫૪ ૪૭૪૮૭



**નિલ્પેશ**
**પ્રવીણભાઈ શ્રીમાળી**
મો. ૭૦૯૬૭૮૧૯૮૫



નિસર્ગ કોમ્યુનિટી સાયન્સ સેન્ટર, સે-૨૩ દ્વારા ઓનલાઈન માધ્યમથી ઉર્જા જાગૃતિ કાર્યક્રમ અંતર્ગત કુદરતી ઊર્જા સ્ત્રોત, બિન પરંપરાગત ઊર્જા જાગૃતિ અંગે સમજ અને ઉપયોગીતા વિષય પર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં શાળાની વિદ્યાર્થીનીઓએ ભાગ લીધો હતો.




વેદ ઈન્ટીગ્રેટેડ કેમ્પસ દ્વારા સંચાલિત એ.વી.વી. ઈંગ્લિશ મીડિયમ સ્કૂલમાં કોરોનામાં જનજાગૃતિ લાવવા ચિત્ર સ્પર્ધા યોજવામાં આવી હતી. આ સ્પર્ધામાં શાળાના દરેક બાળકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં વિવિધ ચિત્રો દ્વારા કોરોના મહામારી વિશેની માહિતી આપવામાં આવી હતી. આ ચિત્ર સ્પર્ધા દ્વારા જનજાગૃતિ આવે અને એસ.ઓ.પી.ના નિયમોનું પાલન કરે તેવો સંદેશ લોકો દ્વારા પહોંચે તેવો પ્રયાસ કરવામાં આવ્યો હતો.




જાયન્ટસ, વેલફેર ફાઉન્ડેશન દ્વારા મિટીંગ યોજાઈ હતી. જેમાં સંસ્થાના ચેરમેન દ્વારા ઉપસ્થિત સર્વેને વર્ષ દરમિયાન કરાયેલી સેવાકીય પ્રવૃત્તિની માહિતી આપવામાં આવી હતી.

# તળાવમાં પડી ગયેલી નીલગાયનું ફાયર બ્રિગેડની મદદથી રેસ્કયુ

## ગાંધીનગર તાલુકાના સોનીપુર ગામના તળાવમાં ફસાઈ ગયેલી નીલગાયનો બે કલાકની જહેમત વડે વોલિયન્ટર્સ ગૃપે ફાયર બ્રિગેડની મદદથી જીવ બચાવ્યો

ગાંધીનગર, તા.૨૩

ગાંધીનગર તાલુકાના સોનીપુર ગામના તળાવમાં પડી ગયેલી નીલગાયને શહેરમાં સરિસૃપ, પ્રાણીઓ અને પક્ષીઓ વગેરેના મુશ્કેલીના સમયે બચાવકાર્ય સાથે સંકળાયેલા વોલિયન્ટર્સ ગૃપના યુવા સ્વયંસેવકો અને ફાયર બ્રિગેડની ટીમની બે કલાકની સહિયારી જહેમતને અંતે સહીસલામત બહાર કાઢી અને તેનો જીવ બચાવવામાં સફળતા મેળવી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે આ જ તળાવમાં થોડા સમય પૂર્વે બાવળના વૃક્ષ પર પતંગની દોરીમાં ફસાયેલા બગલાઓનું આ જ ટીમે દિલધડક રેસ્ક્યું કર્યું હતું.






રવિવારે સવારે ગાંધીનગર તાલુકાના સોનીપુર ગામના તળાવમાં એક નીલ ગાયનું મોટું બચ્ચું પડી ગયું હતું જે તળાવની ઉંડાઈ અને કાદવને કારણે બહાર નીકળવામાં મુશ્કેલી અનુભવતું હતું અને જો થોડું પણ બહાર આવે ત્યારે બહાર તેનો શિકાર કરવાના ઈરાદે બહાર ઉભેલા સતત ભસતાં કૂતરાંઓના ડરથી પાછું પડીને ફરી તળાવમાં જતું રહેવા પામતું હતું. આ દરમ્યાન ગામના યુવાનોને ખબર પડતાં તેમણે તે નીલગાયને બહાર કાઢવા પ્રયાસ કર્યો હતો પરંતુ ડરના કારણે સતત દૂર ભાગતી હોવાથી તેને બહાર કાઢવી મુશ્કેલ બની રહ્યું હતું. અંતે બચાવ કાર્ય કરી રહેલા યુવાનો પૈકી એક યુવાને ગાંધીનગરમાં રેસ્ક્યું કાર્ય સાથે સંકળાયેલા વોલિયન્ટર્સ ગૃપના સ્વયંસેવકોને મદદે બોલાવ્યાં હતાં જેમણે આવીને પરિસ્થિતિનું મૂલ્યાંકન કરતાં ફાયરબ્રિગેડની મદદ લેવાનું ઉચિત માન્યું હતું. ગાંધીનગર ફાયર બ્રિગેડની ટીમે આવીને વોલિયન્ટર્સ ગૃપના સ્વયંસેવકોએ મળીને બે કલાકની જહેમતના અંતે નીલગાયને તળાવની બહાર કાઢવામાં અને તેનો જીવ બચાવવામાં સફળતા પ્રાપ્ત કરી હતી. ગ્રામજનોએ વોલિયન્ટર્સ ગૃપના સ્વયંસેવકો અને ફાયરબ્રિગેડ કર્મીઓની પ્રસંશા કરી હતી.

## ચિરવિદાય

● મુક્તિધામ ●

● સ્વ. ભીલ પાર્થ સોનાજી
ઉ.વ. ૩, મોટી શિહોલી, ચિલોડા